ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૫૯/ ૩૦
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૧૮-૦૮-૨૦૦૭.

:-: પ રિ પ ત્ર :-:

વિષય:- ઔદ્યોગિક પ્લોટ/શેડની તબદીલીની નીતિ બાબત.

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પોલ/૫૯/૫૨૨/૯૫ તા.૨૦-૦૧-૧૯૯૫.

(૨) પરિપત્ર ક્રમાંક.પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પોલ/૫૯(૨)/૧૭/૯૮ તા.૧૧-૦૫-૧૯૯૮.

:-:

નિગમની તમામ વસાહતોમાં જ્યારે પ્લોટ/શેડની તબદીલીની અરજી પરિપત્ર મળે ત્યારે તબદીલીથી પ્રાપ્ત કરનાર એકમનો ઉદ્યોગનો પ્રકાર જો કેમીકલનો હોય અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું (જી.પી.સી.બી) "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવું જરૂરી હોય, તેવા કિસ્સામાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું "ના વાંધા પ્રમાણપત્ર" સિવાય સ્વીકારવાની નથી અને તબદીલી ફી જમા લેતાં પહેલાં ચકાસણી કરી અરજી પરત કરવા અને પરત કરતાં પહેલાં તબદીલીના અલગ રજીસ્ટ્રરમાં નોંધ કરવાની સંદર્ભ-૨ હેઠળના પરિપત્રથી સૂચના આપવામાં આવેલ છે.

આમછતાં, અનુભવે એવું જણાયેલ છે કે નિગમની કેટલીક ક્ષેત્રિય કચેરીઓ ધ્વારા ઉકત સૂચનાનો અમલ ન કરતાં નિયત ૩૦ (ત્રીસ) દિવસની સમય મર્યાદામાં રજુ કરવાની શરત સાથેનો તબદીલીનો શરતી હુકમ જારી કરવામાં આવે છે. પરિણામે તબદીલીથી પ્રાપ્ત કરનાર ધ્વારા આ સમય મર્યાદા અન્ય શરતો પરિપૂર્ણ કરવા છતાં ઉકત પ્રમાણપત્ર મેળવી રજુ કરી શકાતું નથી અને તેને કારણે તબદીલીનો આખરી હુકમ જારી કરી શકાતો નથી. આથી સૂચના આપવામાં આવે છે કે હવેથી કેમીકલ પ્રકારના ઉદ્યોગના તબદીલી પ્રસંગે શરતી હૂકમમાં એક સ્પષ્ટ શરત મૂકવામાં આવે કે "તબદીલી મેળવનારે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા બાદ જ ઉત્પાદનની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે અને તે સિવાય ઉત્પાદન શરૂ થઈ શકશે નહી.ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તરફથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવામાં કોઈ વિલંબ થશે તો તેની નિગમની કોઈ જવાબદારી રહેશે નહી અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" નહી મળે તેવા પ્રસંગે તબદીલી ફીની પરત ચૂકવણી માટેની માંગણી સ્વીકાર્ય બનશે નહી". ઉકત શરતનું રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર તબદીલીથી પ્રાપ્ત કરનાર પાસેથી બાંહેધરીખત મેળવી શરતી હૂકમની અન્ય શરતોનું પાલન થતું હોય તો આખરી હૂકમ જારી કરવાની આથી નિગમના તમામ વિતરણ અધિકારીઓને સુચના આપવામાં આવે છે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ

નકલ જયભારત સાથે રવાના.

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) નિગમની તમામ વસાહતોના માન્ય વસાહત મંડળના પ્રમુખશ્રીઓ તરફ.

રવાના કર્યુ.
૨૦/૦૮/૦૭
મેનેજર (મહેકમ)